# શિક્ષકના કાર્ય જેવું કોઇ પુણ્ય નથી

હમણાં કેટલાક દિવસ પૂર્વે અડધો કલાક જેટલો સમયપસાર કરવા માટે એક પરિચિતના પાર્ટીપ્લોટ પર હું ગયો. ખુરશી નાંખીને છાંયડામાં બેઠો. એક અજાણ્યો ૩૦-૩૫ વર્ષનો યુવક આવ્યો. તે મારી સામે ખુરસી નાંખીને ગોઠવાઇ ગયો. તેના બંને હાથે પચાસગ્રામથી ઓછું વજન નહીં હોય તેવી સોનાની લકી પહેરેલી હતી. બંને હાથની તમામ આંગળીઓ પર મોટી-જાડી વીંટીઓ હતીં.ગળામાં જાડી સોનાની ચેઇન હતી. બંને મૌન બેઠા હતા, બેત્રણ મિનિટ બાદ મૌન તૂટ્યું. તે યુવકે મને પૂછ્યું કે, આપ કોણ છો ? કોને મળવા આવ્યા છો ? મેં જવાબ આપ્યો કે, આ પ્લોટ પર મારા વેવાઇ છે તેમને મળવા આવ્યો છું. આટલા જવાબથી તેને સંતોષ ન થતાં પૂછ્યું કે, આપ શું કરો છો ? મેં જવાબ આપ્યો કે, હું કોલેજમાં અધ્યાપક છું. મારો જવાબ સાંભળતા જ તેના મોં પરના ભાવ જેમ કાચિંડો રંગ બદલે તેમ એકાએક બદલાઇ ગયા. તેને તરત જ કહ્યું કે, સાહેબ આપ નસીબદાર છો કે શિક્ષક છો. મેં જણાવ્યું કે, ભાઇ જેમ બદા લોકો જુદો જુદો વ્યવસાય કરે છે તેમ હું પણ શિક્ષકનો વ્યવસાય કરું છું. મારા આટલા જવાબને અટકાવતાં જ તેણે જે કહ્યું તે આજે પણ મારા માનસપટ પર અંકાઇ ગયેલું છે જે કદાચ ક્યારેય નહીં ભૂંસાય. તે યુવકે કહ્યું હતું કે, “ સાહેબ, શિક્ષક જો સ્કૂલમાં સારું ભણાવતો હોય તો તેના જેવું કોઇ પુણ્ય નથી અને જો તે ન ભણાવતો હોય તો તેના જેવું કોઇ પાપ નથી.”

તે યુવકના વિધાનને વારંવાર મમળાવવા જેવું છે. શિક્ષક જો વર્ગખંડમાં સારું ભણાવતો હોય તો તેણે કોઇ પૂજા અર્ચના કરવાની જરૂર નથી. તે યુવકે તો દુનિયામાં પુણ્ય કમાવાના સર્વ રસ્તા કે પ્રયાસોમાં સૌથી ટોચ પર શિક્ષકના શિક્ષણકાર્યને મૂકી દીધું. સાથે જ જો કોઇ શિક્ષક યોગ્ય રીતે સારું ભણાવતો ન હોય તો દુનિયામાં સૌથી ખરાબ કામ તરીકે પણ મૂલવી દીધું. આમ તે યુવકના વિદાનને સ્વીકારીએ તો શિક્ષકે પુણ્ય કરવા માટે વિશેષ પ્રયત્નો કરવાની જરૂર નથી. ભલેને લોકો મંદિરમાં જાય કે ચારધામની યાત્રા કરે કે ગરીબોને દાન કરે. શિક્ષકે તેમાંનું કશું જ કરવાની જરૂર નથી, છતાં જો તે સારું ભણાવતો હશે તો અન્ય રીતે લોકોએ મેળવેલ પુણ્ય કરતાં પણ શિક્ષકનું પુણ્ય ઉચ્ચ જ હશે. સાથે તે યુવકે ચેતવણી પણ આપી છે કે, જો શિક્ષક વર્ગખંડમાં યોગ્ય રીતે ભણાવતો ન હોય તો તેના જેવું કોઇ પાપ નથી. આમ શિક્ષકનો વ્યવસાય કરતા સૌએ આ યુવકને આદર્શ માનીને શું કરવું તે નક્કી કરવાનું થાય.

અહીં એક બીજી બાબતની પણ સ્પષ્ટતા કરવાથી વાચકને મજા આવશે. તે યુવક ને મેં પણ પૂછ્યું હતું કે, તમે શું કરો છો ? ત્યારે તેનો જવાબ હતો, સાહેબ, બસ દાદાગીરી કરીએ છીએ.”. મને નવાઇ લાગી એટલે તેને વાતનો દોર આગળ ચલાવતા કહ્યું કે,“ હા, સાહેબ... દાદાગીરીનો જ ધંધો છે અને હું જેલમાં પણ જઇ આવ્યો છું. લોકો અમને ગુંડા કહે છે.” છતાં સાહેબ તમારા જેવા લોકો સામે અમે મૌન થઇ જઇએ છીએ. તે યુવકે તેના ભૂતકાળની ઘણીવાત કરી. જેમાં ગુંડાગર્દીની વાતો વધારે હતી. પોતે ગુંડો થયો તે માટે જવાબદાર વ્યક્તિ તરીકે તેણે પોતાના પ્રાથમિક શાળાના શિક્ષકને ગણાવ્યા. તેણે જણાવેલ કે, હું જ્યારે પ્રાથમિક શાળામાં ભણતોહતો ત્યારે શાળામાં મારું કામ ભણવાનું નહીં પણ શાળાના આચાર્યની સેવા કરવાનું રહેતું. શાળામાં જઇને શાળાની સફાઇ કરવાની, શિક્ષકો માટે પાણીની માટલી ભરવાની, શિક્ષકો માટે મધ્યાહન ભોજનની થાળીઓ સાફ કરવાની અને તેઓને પીરસીને આપવાની,

ફરી સાફ કરીને મૂકી દેવાની. બપોર બાદ અમારા આચાર્ય ટેબલ પર બે પગ લાંબા કરીને સૂઈ જાય, હું અને મારો મિત્ર તેમના પગમાં રહેલી કપાસીઓ કાઢીએ. આ અમારો રોજિંદો ક્રમ હતો. આજે પણ સારી રીતે વાંચીલખી શકતો નથી. હા મારી પાસે દાદાગીરીને કારણે અઢળક પૈસા છે, પણ સુખશાંતિ નથી. મને જો સારા શિક્ષક મળ્યા હોત તો આજે મારી પાસે ભલે પૈસા ન હોત પણ સુખશાંતિ હોત. મારું જીવન મારા પ્રાથમિક શાળાના એ આચાર્યએ જ બગાડયું છે.

તે યુવકે કહેલી બીજી વાત પણ તત્ત્વજ્ઞાન જેટલી ગહન છે. તેણે કહેલું કે, જે શિક્ષક સારી રીતે છોકરાને ભણાવતો હોય તે ક્યારેય દુ:ખી નહીં હોય. તે નિવૃત થયા પછી પણ સુખી જ હશે. તેના મન પર કોઇ ચિંતા કે ટેન્શન ક્યારેય નહીં આવે. અને જે શિક્ષકે સારું ભણાવ્યું નહીં હોય તે શિક્ષક ક્યારેય સુખને પામી નહીં શકે, તે દુ:ખી જ હશે. આ વાતને સાચી સાબિત કરવા તેણે પોતાના પરિચિત એવા કેટલાક શિક્ષકોના ઉદાહરણો પણ આપ્યા. તેની આ વાત સાંભળીને હું પણ વિચારવા લાગ્યો અને મારા પરિચિત શિક્ષકોમાંથી કયા શિક્ષકો કેવું કામ કરે છે અને તેઓ તે મુજબ સુખી છે કે દુ:ખી છે તે વિચારવા લાગ્યો. તો તે યુવકની વાત સાચી હોય તેમ લાગ્યું.

મિત્રો. અહીં ખાસ વિચારવાનું એ તાય છે કે, જે યુવક ગુંડાગર્દી કરતો હોય અને અઢળક પૈસામાં આળટતો હોય તો પણ તેના મનમાં શિક માટે અને શિક્ષકના વ્યવસાય માટે કેટલો ઊંચો આદર છે ! આમ જોતાં સમાજના સર્વે વ્યક્તિઓને શિક્ષક માટે ઊંચો આદર હોય જ તેમ માની શકાય. સાથે ઓછું ભણેલા અને ગુંડાગીર્દીમાં રાચતા તે યુવકની શિક્ષક માટેની ફિલોસોફી પણ કેટલી ઊંચી છે ? તો પછી આપણે શિક્ષકોએ જ વિચારવાનું થાય કે, વર્ગખંડમાં કેવી રીતે ભણાવીને પુન્ય કમાવું છે કે પાપી બનવું છે. એટલું જ નહીં સારું ભણાવીને સુખી થવું છે કે ન ભણાવીને આખી જીંદગી દુ:ખમાં પસાર કરવી છે ?